# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૩ તા:૩૦-૦૯-૨૦૨૧

**ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી સંદર્ભે પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ સાહેબની અધ્યક્ષતામાં ભવ્ય રોડ-શો યોજાશે.**

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અખબારી યાદીમાં જણાવે છે કે, પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની અધ્યક્ષતામાં તારીખ ૧ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી પ્રચાર સંદર્ભે જાહેર રોડ શો યોજાશે. ૩ ઓક્ટોબર ૨૦૨૧ નાં રોજ યોજાનાર ગાંધીનગર મહાનગર પાલીકાનાં ચૂંટણી પ્રચારનાં અંતિમ દિવસે આ ભવ્ય રોડ-શોનું આયોજન કરવામાં આવેલ છે. આ રોડ-શો ના માધ્યમથી ભારતનાં યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજી તથા ભારતના ગૃહમંત્રી અને ગાંધીનગર લોકસભાનાં સાંસદ શ્રી અમિતભાઈ શાહજીના નેતૃત્વમાં કેન્દ્રની મોદી સરકારનાં ૭ વર્ષમાં પ્રજાહિત અને રાષ્ટ્રહિતના કાર્યોની માહિતી આપવામાં આવશે. કેન્દ્રની મોદી સરકાર દ્વારા ગુજરાત રાજ્યને વિશેષ લાભ પ્રાપ્ત થયો છે અને ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં રોલ મોડેલ બન્યું છે તે અંગે ગાંધીનગરની જનતાને માહિતગાર કરવામાં આવશે. તેમજ શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી ના નેતૃત્વવાળી ગુજરાત ભાજપ સરકાર દ્વારા કરાયેલ પ્રજાલક્ષી કાર્યો , સરકારી વિવિધ યોજનાઓની માહિતી આપી જનતાનો વિશ્વાસ પ્રાપ્ત કરશે. ગુજરાત રાજ્યમાં ભાજપની સરકાર થાકી જન જન ની સુરક્ષા, સુખાકારી અને સમૃદ્ધિ માટે વિવિધ યોજનાઓ અને કાર્યો કરવામાં આવેલ છે તે અંગે પણ માહિતી પૂરી પાડવામાં આવશે. ભારતીય જનતા પાર્ટીના ભવ્ય રોડ-શોમાં ગાંધીનગર શહેરના તમામ વોર્ડના ઉમેદવારશ્રીઓ, પ્રદેશ ભાજપના પદાધિકારીશ્રીઓ તેમજ કાર્યકર્તાઓ સહીતનાં સમર્થકો ઉપસ્થિત રહેશે. આ રોડ શો અંગેની વિગતો નીચે પ્રમાણે છે.

સમગ્ર રોડ-શો નો રૂટ બપોરે ૧૨ કલાકે પેથાપુરથી શરૂ કરીને કોલવડા, વાવોલ, ઘ-રોડ સહીત કુડાસણ ખાતે સાંજે ૩ કલાકે સમાપ્ત થશે.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)